**મહત્તમ : ૩૦.૦ ડીગ્રી**
**લઘુતમ : ૨૦.૦ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૬૪ ટકા ● સાંજે ૫૬ ટકા**

**ગાંધીનગર તાપમાન**

# હેલ્મેટ મરજીયાત પણ માથાનું રક્ષણ ફરજીયાત

## હેલ્મેટના કાયદા અંગે શહેરીજનોનો મિશ્ર પ્રતિસાદ : માતા પિતા હેલ્મેટ ના પહેરવાના મરજીયાત કાયદાથી નાખુશ

**ગુજરાત સરકાર દ્વારા રાજયના ૮ મહાનગરો અને ૧૬૨ મહાનગરપાલિકા વિસ્તારની હદમાં દ્વિચક્રી વાહનચાલકોને ફરજીયાત હેલ્મેટ પહેરવામાંથી રાજય સરકાર દ્વારા હાલ પુરતી મુકિત આપવામાં આવી છે. તથા દરેક હાઈ-વે પર હેલ્મેટ ફરજીયાતનો કાયદો હજી અકબંધ છે. ફરજીયાત હેલ્મેટના કાયદાને લઈને શહેરીજનો સજાગ થઈ ગયા હતા અને હેલ્મેટ પહેરતા પણ થઈ ગયા હતા પરંતુ સામાન્ય કાર્ય માટે નીકળેલા શહેરીજનોને ફરજીયાત હેલ્મેટ પહેરીને ઘરની બહાર નીકળવામાં તકલીફ પડતા સાથે અમુકથી હેલ્મેટ સહન થતા ન હતા આવા ઘણા કારણોસર છેલ્લા કેટલાક સમયથી આ મુદ્દો ચર્ચામાં હતો અને અંતે સરકાર દ્વારા જનતા તરફી નવો કાયદો બહાર પડાયો ત્યારે શહેરીજનોના આ બાબતે મિશ્ર પ્રતિસાદ મળી રહ્યા છે.**

● સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલ નિર્ણય કે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં હેલ્મેટ પહેરવું ફરજીયાત નહીં તે નિર્ણય મારા મત મુજબ ખૂબ જ ખોટો અને જનતા માટે નુકશાનકારક નિર્ણય છે કારણ કે થોડાક દિવસો પહેલા સરકારે હેલ્મેટ પહેરવું ફરજીયાત છે તેવો નિર્ણય લીધેલ અને તેનાથી ખરેખરમાં હેલ્મેટ ન પહેરતાં લોકો પણ હેલ્મેટ પહેરતાં થઈ ગયા હતાં તેથી અકસ્માતમાં મૃત્યુ તેમજ માથામાં થતી ગંભીર



ઈજાઓ પહેલાં કરતાં ઓછી થતી હતી અને ફેરબદલ કરવાથી પાછા અકસ્માતમાં માથામાં ઈજા અને મૃત્યુ વધવા માંડશે.

સરકારે આ નિર્ણય શું વિચારીને લીધો? એમ કે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકા તેમજ શહેરી વિસ્તારમાં અકસ્માત ન થાય તેવો જાદુ કરીશું એટલે હેલ્મેટની જરૂર નહીં પડે. સરકાર સ્માર્ટ સીટીની વાતો કરે છે તો શું સ્માર્ટ સીટીમાં આવા નિર્ણય ચાલે ખરાં?

**- કુશ ઉદેચા**

● મારા મતે હેલ્મેટ પહેરવું શહેરમાં ફરજીયાત જ રહેવું જોઈએ. અકસ્માત કહીને તો થતા નથી. વાહન ચલાવતા એક નાગરિકની ખુદની જવાબદારીમાં આવે છે કે તે પોતાનું ધ્યાન પોતે જ હેલ્મેટ પહેરીને રાખે, સરકારે એક માણસની સેફટીને ધ્યાનમાં



રાખવાની જરૂર છે નહિ કે કાયદાને પાછા લેવાની.

**- યુવરાજસિંહ જાડેજા**

● ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની હેઠળની કેબિનેટમાં આજરોજ શહેરી વિસ્તારમાં હેલ્મેટ મરજિયાત કરવાનો જે નિર્ણય લેવામા આવ્યો તેને હું ખૂબ માનપૂર્વક આવકારું છું. હા સરકારે આ નિર્ણય લેવામાં થોડું મોડું કર્યું પરંતુ પેલી હિન્દીમાં કહેવત છે ને 'દેર આયે દુરસ્ત આયે' ભલે થોડું મોડું કર્યું પણ ખૂબ જ મહત્વનો અને લોકોના હિત માટે નો નિર્ણય કહી શકાય.

આ જરૂરી પણ હતું કારણ કે લોકોની સમસ્યાઓ પણ ઘણી અલગ અલગ પ્રકારે બહાર આવી રહી હતી. આમ તો શહેરના ગીચ વિસ્તારમાં ટ્રાફિકના લીધે વાહનો હાઈ - વે ની સરખામણીમાં ખૂબ જ ધીમી ગતિથી ચાલતા હોય છે અને તેથી ગંભીર અકસ્માત થવાનું પ્રમાણ ખુબ ઓછું હોય છે. તેમજ શહેરમાં ખૂબ મોટા અંતરો કાપવાના પણ હોતા નથી. શહેરમાં સેલ્સ અને માર્કેટિંગની જોબ કરતા લોકો માટે આ નિર્ણય એ ખૂબ જ હાશકારો આપનારો છે. શહેરીજનો સામાજિક પ્રસંગોમાં જવા માટે પણ હેલ્મેટ પહેરીને જવું પડતું હતું. જેથી હવે સરકારના આ નિર્ણય ને લીધે લોકો ને આવી મુશ્કેલીઓ નો સામનો કરવો નહીં પડે. ક્યારેક લોકો



હેલ્મેટ ક્યાંક ભૂલી ને આવે તો ક્યારેક તેમનું હેલ્મેટ વાહન પર મૂકેલું હોય અને ચોરાઈ જવાનો પણ ભય રહેતો હતો. કોલેજ માં ભણતા વિદ્યાર્થીઓ માટે પણ આ હાશકારો અનુભવાય તેવો નિર્ણય છે. આથી જનતાની આ બધી મુશ્કેલીઓને જોતાં રાજય સરકારનો હેલ્મેટના કાયદામાં રાહતનો નિર્ણય એ ખૂબ સારો એવો કહી શકાય.

છેલ્લે મારા શહેરની જનતા ને એટલું જ કહીશ કે,

'હેલ્મેટ પહેરવું હોય તો પહેરજો,
હેલ્મેટ નહિ પહેરો તો ચાલશે.'

**- પ્રદિપસિંહ સોલંકી**

● સરકારે તમામ નાગિરકોની નારાજગીને ધ્યાનમાં લેતા થોડો સમય માટે શહેરી



વિસ્તારમાં હેલ્મેટ પહેરવું મરજિયાત કરી દીધું છે જે એક રીતે સરાહનીય છે કે સરકાર જનતાનું સાંભળી રહી છે અને સરકારના આ નિર્ણયથી શહેરમાં નજીવા કાર્ય માટે બહાર નીકળતા નાગરિકોને દંડ ભરવામાંથી મુકિત મળશે. પરંતુ આજના આંકડા ધ્યાનમાં લેતા નજરે ચડે છે કે આ વર્ષમાં ૯૫૮ નાગરિકોના મૃત્યુ તથા ૧૬૭૯ નાગરિકો રસ્તા પર ઘવાયા અને છેલ્લા ત્રણ વર્ષમાં ૧૯૫૦ નાગરિકો હેલ્મેટ પહેર્યા વિના આકસ્મિક મૃત્યુ પામ્યા હતા જે પરથી જણાય છે કે સરકારે કાયદા મજબુત બનાવવાની જરૂર છે નહિ કે મૃતઃ પ્રાય કરવાની. તદઉપરાંત શહેરીજનોએ પણ હેલ્મેટને પોતાની નૈતિક જવાબદારી તરીકે સ્વિકારીને પોતાની તથા કુટુંબની સુરક્ષાને સુનિશ્ચિત કરવી જોઈએ.

**- અભિષેક સાગઠીયા**

● સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય સારો છે પણ હેલ્મેટ તો પોતાના માટે જરૂરી જ છે. સરકાર પોતાની તિજોરી ભરવા માટે નહી પરંતુ જે તે પરિવારજનો માટે કાયદો બનાવે છે. જો દંડની રકમ વ્યાજબી હોત



તો અમને હેલ્મેટ ના ફરજિયાતપણાથી તકલીફ હોત જ નહીં. મારા મત મુજબ જો દંડની રકમ ઓછી હોય અને ફકત લોક જાગૃતતા માટે આ કાર્ય કર્યું હોત તો વાંધો નહતો.

**- વિપુલ પંચાલ**

● સરકાર તરફથી અમલમાં મુકવામાં આવેલ



હેલ્મેટના નિર્ણયને અમે આવકારીએ છીએ પણ હેલ્મેટ પહેરવું એ પોતાની સેફટી માટેની વાત છે નહિ કે પોલીસથી બચવા માટેની. સરકાર દ્વારા આ નિર્ણય ઘણા નાગરિકોના અભિપ્રાયને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે પણ હેલ્મેટ પહેરવાથી આપણે ખુદની સેફટી રાખી શકીએ છીએ.

**- હર્ષલ ગજ્જર**

● હેલ્મેટ પહેરવું એ આપણા માટે સારી બાબત છે અને શહેરીજનો હેલ્મેટ પહેરવા પણ લાગ્યા હતા. સેફટી બાબતે સજાગ થઈ દરેક હેલ્મેટ પહેરવા લાગ્યા હતા. અને સરકાર એમ વિચારે કે શહેરમાં અકસ્માત ન થાય અને શહેરમાં હેલ્મેટ ન પહેરીએ તો ચાલે તો મારા મતે



આ વિચાર તદન ખોટો છે. શહેરના દરેક માતા-પિતા આ નિર્ણયથી નાખુશ છે. કારણકે માંડ હેલ્મેટ લેવડાવ્યા હતા અને હવે પાછા બાળકો હેલ્મેટ પહેરીને બહાર નહિ નીકળે.

**- સચિન ઠક્કર**

● મારા મતે હેલ્મેટ ન પહેરવાની છુટ્ટી મળી એ એક જોતા સારું છે કે માથા પરથી ભાર ગયો. પરંતુ સાથે સાથે હેલ્મેટ પહેરવાથી એક્સિડન્ટ થાય તો બચી જવાય. ગરમીમાં હેલ્મેટ પહેરવું મુશ્કેલ છે અને મીડલ ક્લાસ નાગિરકો જે કર આપી શકતા નથી પણ કર ન આપવો પડે એટલે બધા પહેરે છે.



હેલ્મેટ હોવું તો જોઈએ પણ હાલ હેલ્મેટ ન પહેરનાર પાસેથી જે કર વસુલવામાં આવે છે તે ન હોવો જોઈએ.

**- શ્વેતા પટેલ**

● પબ્લિક સેફટીને નેવે મુકીએ એવો હેલ્મેટ મરજીયાત કરતો નિયમ આવવાથી હું નાખુશ છું. અકસ્માત થતા આ જ નાગરિકો સરકાર સામે ટ્રાફિકના નિયમો અને કાયદાઓ માટે આક્રોશ વ્યકત કરતા હોય છે. પોતાની સેફટી એ સરકારની નહિ દરેક માણસની પોતાની જવાબદારી છે. હેલ્મેટ માથે થતી



ઈજા રોકે છે અને જીવ બચાવી જીંદગીના એક દિવસમાં વધારો કરે છે.

**- સિધ્ધાર્થસિંહ રાઓલ**

## શહેરના માર્ગો પર સ્ટોર્મવૉટર લાઈનની ચેમ્બર્સના તુટેલા ઢાંકણ જોખમરૂપ





ગાંધીનગર, તા.૫

શહેરમાં મુખ્ય માર્ગો પર સ્ટોર્મવૉટર લાઈનની ચેમ્બર્સના ઢાંકણો તુટી જવાની સમસ્યા એ ફરી એકવાર માથું ઉંચકયું છે. શહેરના સેકટર-૧૨ પાસેના ગ-૨ સર્કલે માર્ગ નં. ૩ પર તુટેલી ચેમ્બરનો ખાડો વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે તેવી સ્થિતિમાં સર્કલના વળાંક પાસે જ છે જેના પર કેટલાંક જાગૃત નાગરિકો દ્વારા ઝાડની ડાળીઓ ભરાવી વાહનચાલકો સતેજ રહે અને આ ખાડામાં પડી ના જાય તે માટે પ્રયાસ કરાયો છે. આ ઉપરાંત ગાંધીનગરના માર્ગ નં. ૨ પર પણ સ્ટોર્મવૉટર લાઈનની ગટર ચેમ્બર્સના હારબંધ ઢાંકણ તુટેલા જોવા મળી રહ્યા છે. મોટાભાગની ચેમ્બર્સના ઢાંકણ થોડા સમય પૂર્વે જ બદલવામાં આવ્યા હતા અને નવા ઢાંકણ હોવા છતાં આટલી જલ્દીથી તુટી જવાને કારણે તેની ગુણવત્તા પર પણ નાગરિકો પ્રશ્ન કરી રહ્યા છે અને સત્વરે આ સમસ્યા ઉકેલાય જેથી કોઈ રાહદારી કે વાહનચાલક અકસ્માતનો ભોગ ના બને તેવી માંગ કરી રહ્યા છે.



ગુજરાત સચિવાલયના નવ નિયુકત મુખ્ય સચિવ અનિલ મુકિમનું બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના સંચાલિકા રાજયોગીની કૈલાશદીદી, બ્રહ્માકુમારી ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. તારાબેન તથા બ્રહ્માકુમારી ઉર્જાનગર સેવા કેન્દ્ર સંચાલિકા બ્ર.કુ. રંજનબેન દ્વારા પુષ્પગુચ્છ, ભેટ તથા પ્રસાદ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

## ચૌધરી આર્ટસ કોલેજ ખાતે ગ્રાહક જાગૃતિ વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૫

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના કન્ઝયુમર કલબ




અંતર્ગત ગ્રાહક જાગૃતિ વિષય પર પેરાલીગલ એડવાઈઝર સુધીરભાઈ દેસાઈનું વકતવ્ય યોજાયું હતું. જેમાં વકતા દ્વારા ગ્રાહક-કસ્ટમર અને કન્ઝયુમર વચ્ચેનો તફાવત, ગ્રાહકના હક્ક કાયદા અંગેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પી.એલ. ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કન્ઝયુમર કલબના કન્ઝયુમર ડૉ. મીનાબેન વ્યાસ દ્વારા તથા આભારવિધિ ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવી હતી.



## હેન્ડબોલની ગાંધીનગર શહેરની ગર્લ્સ ટીમે રાજયકક્ષાએ રજત ચંદ્રક જીત્યો

ગાંધીનગર, તા.૫

રાજયકક્ષાના ખેલમહાકુંભની ભૂજ ખાતે યોજાયેલી હેન્ડબોલ સ્પર્ધાના ઓપન એજ ગૃપમાં ગાંધીનગર શહેરની ગર્લ્સ ટીમે પ્રસંશનીય પ્રદર્શન કરીને રજતચંદ્રક હાંસલ કર્યો છે. ફાઈનલમાં આ ટીમનો ભૂજની ટીમ સાથે ૧૫-૧૨થી પરાજય થતા સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો. આ ટીમમાં ૭ ખેલાડીઓ વાવોલ ખાતેની મહેશ્વરી સ્પોર્ટસ એકેડેમીના તાલીમાર્થીઓ છે જેમાંથી કૃતિકા ધુમાલ ટીમના કપ્તાન છે. ટીમના કોચ તરીકે શશિમોહન ધુમાલ ટીમને તાલીમ આપી રહ્યા છે.

## આજે 'ખ' માર્ગ સ્વચ્છતાના સંદેશથી દીપી ઉઠશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના મહાત્મા મંદિરથી સે-૨૫ તરફના 'ખ' માર્ગ પર આવતીકાલે શુક્રવારે 'વૉલ પેઈન્ટિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં 'સ્વચ્છતા'ના સંદેશ સાથે અમાદવાદની સુપ્રસિધ્ધ સી.એન. ફાઈન આર્ટસ કોલેજના ૬૦ જેટલા યુવા વિદ્યાર્થીઓ વિવિધ ચિત્રો દોરશે.

સ્વચ્છ ભારત મિશન તથા સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતા જાગૃતિ અંગે અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં સફાઈકાર્યોની સાથે સાથે જનતામાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધે તે હેતુથી વિવિધ પ્રયાસો કરાઈ રહ્યા છે. જે પૈકી શુક્રવારે શહેરના 'ખ' માર્ગ પર 'વૉલ પેઈન્ટિંગ સ્પર્ધા'નું આયોજન

**મહાત્મા મંદિરથી સે-૨૫ સુધીના માર્ગ પરની કમ્પાઉન્ડ વૉલ પર 'સ્વચ્છતા જાગૃતિ' અંગે વૉલ પેઈન્ટિંગ સ્પર્ધા યોજાશે**

કરાયું છે. અને આ સ્પર્ધામાં અમદાવાદની સી.એન. ફાઈન આર્ટસ કોલેજના ૬૦ યુવા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. વૉલ પેઈન્ટિંગના પગલે જાહેર જનતામાં સ્વચ્છતા અંગેની જાગૃતિ તો વધશે પરંતુ તે સાથે 'ખ' માર્ગની સુંદરતામાં પણ વધારો થશે. મહાત્મા મંદિરથી સે-૨૫ તરફની રોડની બંને તરફની કમ્પાઉન્ડ વૉલ પર ૬૦ જેટલા ચિત્રો દોરવામાં આવશે જેનો વિષય 'સ્વચ્છતા જાગૃતિ' રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લઈ રહેલ તમામ વિદ્યાર્થીઓને શહેરના મેયર, ડેપ્યુટિ મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનર સહિતના મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો તથા પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરાશે. આ સ્પર્ધાનું તમામ આયોજન તથા સંકલન શહેરની જાણીતી સંસ્થા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૩૦, ૮.૧૦, ૯.૩૦, ૧૧.૦૦
**પાનીપત**
૯.૩૦, ૧૧.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૩૦, ૧૦.૦૫
**કમાન્ડો ૩**
૭.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૫, ૧૧.૩૦, ૨.૨૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૧૫, ૮.૦૦, ૧૦.૫૦
**પાનીપત**
૯.૦૦, ૧૦.૧૫, ૧.૦૦, ૧.૫૦, ૩.૧૫, ૫.૨૫, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૧૫
**કમાન્ડો-૩**
૧૦.૧૦, ૧.૩૫, ૧૦.૦૦
**હોટલ મુંબઈ**
૧૨.૩૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૭.૩૫
**૨૪ કેરેટ પિત્તળ (ગુજરાતી)**
૪.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**પતિ પત્નિ ઔર વો**
૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૧૫, ૩.૪૫, ૫.૦૦, ૬.૩૦, ૭.૪૫, ૯.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૯.૧૦, ૧૦.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૫, ૬.૫૦
**કમાન્ડો-૩**
૧.૧૫, ૯.૩૦
**હોટલ મુંબઈ**
૪.૦૫

## રવિવારે તન, મન, ધનની સમૃધ્ધિનો પ્રોગ્રામ યોજાશે

ગાંધીનગર, તા.૫

પરફેકટ બાયો મેડિકલ સર્વિસ દ્વારા એ.સી.એસ. એન્ટરપ્રાઈઝના સહયોગથી જનજીવન ઉપર શારિરીક, માનસિક અને નાણાંકીય સમસ્યાઓના સમાધાનની જાગૃતિ માટેનો પ્રોગ્રામ ૮ ડિસેમ્બરના રોજ યોજાશે. તન, મન અને ધનની સમૃધ્ધિનો આ પ્રોગ્રામ સાંજે ૪ થી ૬ દરમિયાન સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાશે. આ કાર્યક્રમના અંતે ડાયાબીટીશ અને બ્લડપ્રેશરનું નિઃશુલ્ક ચેક અપ કરાશે. શહેરીજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## રવિવારે વહુ હાઈફાઈ સાસુ વાઈફાઈ નાટક યોજાશે

ગાંધીનગર, તા.૫

બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજ બચત મંડળ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી તા. ૮ ડિસેમ્બરના રોજ રાત્રે ૯.૩૦ કલાકે વહુ હાઈફાઈ સાસુ વાઈફાઈ નાટક યોજાશે. સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાનાર નાટકમાં મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જયોતિષ ભટ્ટ તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર પટેલ દ્વારા સમાજના દરેક સભ્યોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. સોલંકી લલીતાબેન અજીતસિંહ, ઉ.વ. ૨૧
● સ્વ. ધુડીબેન નેનાજી ઠાકોર, ઉ.વ. ૬૫
● સ્વ. શંકરભાઈ ખુશાલભાઈ પંડયા, ઉ.વ. ૬૭